ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૩૩/૨૦૨૩, તા.૧૧/૦૯/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૪/૦૯/૨૦૨૩ થી તા.૧૦/૦૯/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) માધવપુર પો.સ્ટે. જા.જોગનં.૧૩/૨૦૨૩ તા.૦૬/૦૭/૨૦૨૩ ક.૨૧/૧૦ અન્વયે. ગુમ થનારઃ- સાવીત્રીબેન W/O ભાવેશભાઇ રામજીભાઇ ભુવા અને તેજલબેન D/O ભાવેશભાઇ રામજીભાઇ ભુવા અને મિહીર S/O ભાવેશભાઇ રામજીભાઇ ભુવા રહે. પ્લોટ વિસ્તાર માધવપુર ગામ તા.જી. પોરબંદર વાળી તા.૨/૯/૨૦૨૩ ના રોજ માધવપુર પોલીસ સ્ટેશનના પો.હેડ કોન્સ. એચ.એસ.મોઢવાડીયા, વિજય ખીમાભાઇ તથા વુ.પો.કોન્સ. નિમિષબેન જેસિંગભાઇ દ્વારા કચ્છ જીલ્લાના મુન્દ્રા તાલુકાના બારાય ગામ ખાતેથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) હાર્બર મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા.૦૪/૦૯/૨૦૨૩ થી તા.૧૦/૦૯/૨૦૨૩ દરમ્યાન જાવર તથા કુછડી ગામ વિસ્તારમાં રહેતા સીનીયર સીટીઝનને ચેક કરવામાં આવેલ અને ડાયલ ૧૦૦ વીશે જરૂરી માહીતી આપેલ.

(૨) મહિલા પોલીસ સ્ટેશનના તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તરમાં શી ટીમની કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલીસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરી તેમજ શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૦૬/૦૯/૨૦૨૩ થી તા.૧૦/૦૯/૨૦૨૩ સુધી મહિલા પો.સ્ટે.ના સી ટીમના કર્મચારીઓ દ્વારા રમકડા બજાર તથા બંગડી બજારમાં પેટ્રોલીંગ કરવામાં આવેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

મહીલા પોલીસ સ્ટેશન ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.એમ.સૈયદ તથા પોલીસ સ્ટાફ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ વી.જે.મોઢા કોલેજ ખાતે વિદ્યાર્થીનીઓને તથા કમલાબાગ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ મહીલા સીવણ ક્લાસીસમાં મહિલા જાગૃતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે તેમજ ઘરેલુ હિંસા, તેમજ છેડતી, મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તથા પોલીસનો સંપર્ક કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની જાણકારી આપવામા આવી.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર